શ્રી.

કોળી કોમ સુધારક ગ્રંથાવળી.

ભાગ ૧ લો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

કોળી કોમના સેવક.

બાલુ ભાઇ જીવનજી.

ગામ. સાલેજ. નીવાસી.

પુસ્તક બનાવ્યુ નાનું; ખીસામાં રહે છાનું,
ડો પેલુ પાનું; દેખાડું ધર્મનું ખાનું,

દોહોરો.

કીંમત છે અરધો આનો,
એમાં પસતાવો સાનો;
લેઇને નાખો ખીસે,
જે કોઈ એનો રસ પીસે;
રસતા તેને સુધ્ધ દીસે,

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કીંમત છ પાઈ.

શ્રી ગણેશાયનમઃ

કોળી કોમ સુધારક ગ્રંથાવળી.

સરસવતી માતને વીનવું ગણપત લાગું પાય;
આ ગ્રંથ બનાવવા અમને કરજો પ્રભુ સાહાય;
હાથ જોડી વીનંતી કરૂં હમને સાહાય કરજો નાથ;
જાગો જાગો કોળી કોમ, સુધરવા કરો ઉદ્યમ;
ઉગાડો ધર્મનું બારૂ, થાય આપણી કોમનું સારૂ;
આ સંસાર સર્વે ખોટો, જાણો પાણીનો પરપોટો;
અચાનક જાસે છુટી, જયારે આયુસ દોરી ટુટી;
સગાંસંબંધીમુકીજાવું, જમઆગળઘણુંપસતાવું
કોઇ કોઇનું નહીં થાસે, અગનીમાં બાળીનાહાસે;
જયારે પુછશે ધર્મ રાઇ, કીધી શું જગમાં કમાઇ;
કર્તા કહે બાલુભાઈ, અધરમે શું કામ જાઇ.

દોહરો.

પારસમણી અરૂ કામધેન, કલ્પવૃક્ષકી વાજ;
તુલસી હરીકે ભજન બીન, સબે નરકકો સાજ;

ઉચા કુળ કીસ કામકા, જ્યાં નહીં હરીકો નામ;
તુલસી તાતે સુપચ ભલો, જીસ મુખ હરીકો નામ;
ચતુરાઈ ચુલે પડી, ધીક પડયો આવતાર;
તુલસી ભગવતભગતી બીન, ચારો વર્ણ ચમાર;
રામ નામ અમુલ્ય હય, બીના દામ બીકાય;
તુલસી અચરજ દેખીયો, કોઇ ગ્રાહક ન થાય;
દોડે કોસ હજાર લગ, બસે લક્ષમી પાસ;
બીત દીને રગુનાથ કે, મીલેન તુલસીદાસ;
જાના હે રેહેના નાહીં, મરના બીસવા બીસ;
દો દીન દુનીઆકે લીએ, મત ભુલો જગદાસ.

અરે આપણે કોળી કોમમાં હજારો ઉપરાંત માણસોની ગણતરી ધરાવીએ છે છતાં આપણામાં સંપ હોતો નથી ને જો સંપ હોયતો ઘણું કરી શકીએ પણ ઘણી લાચારી ની સાથે કેહેવું પડે છે કે આપણે ધર્મ સંબંધી બાબતમાં કંઇ કરી શકતા નથી,

આપણે જાણીએ છીએ કે, સરપ જેમ ઉંદરને ગળી જાય છે. તેમ કાળરૂપી સરપ આપણને એક દીવસ ગળી જશે, ને બધું અહીનું અહીં રહી જશે; આપણે પુરવ જનમમાં કંઇ પુન્ય કરયું નથી. જેથી આ જનમમાં દરદ્રી છીએ ને આ જનમમાં કંઇ કરતા નથી તો હવે પછીના જનમમાં વધારે દરીદ્રી થઇશું, ને દુઃખી જીંદગી ગુજારવી પડશે. આપણે હજારોને મરકીથી, કોલેરાથી; બાળ પણામાં, જુવાનીમાં, ને વરધપણામાં મરી જતા જેયા છે તેમ છતાં પણ આપણે ભમવા પહેલાં સામગ્રી તઇયાર કરી શકતા નથી. એ ઘણું વીચાવાનું છે. આગલ માહાતમાઓ કહી ગયા છે કે ઓછામાં ઓછો પોતાની

આવકનો એક દશાંશ ધરમમાં વાપરવો જોઇએ તે દરેક ગ્રહસ્થોની ફરજ છે.

ગુરૂ બોધનો દાખલો.

આ સંસારમાં સુધરવાનો અને પ્રભુના રસ્તા પકડવાનો ઇલાજ ગણો સેહેલો છે. પણ જ્યાં સુધી સારા પુરૂષનો સંગ કરી ગુરૂબોધ લીધો નથી ત્યાં સુધી સારા રસ્તાપર આવવું ઘણુ મુશકેલ છે; હવે આ ગુરૂ કરવાનો રસ્તો દેખાડીએ ત્યાં આગલ ભાઇઓનું કહેવું એવું છેકે ગુરૂનું શું કામ પણ નહી એ તો જરૂર છેજ; જેમકે કોરટમાં ચાલતા કેસમા કોઇ હુશીયાર વકીલ આપણે સોધીએ છે તે સું કરવા કે આપણને સારો રસ્તો દેખાડી કેસ જીતાવા; તેમજ પ્રભુના દરબારમાં

ગુરૂ રૂપી વકીલની જરૂર છે તે એટલા માટે કે આ સંસારમાં ખોટે રસ્તે જતા બચીએ. ને પ્રભુના રસ્તા પકડી સારે રસ્તે ચાલીએ; માટે મારા ભાઇઓ ગુરૂની તો જરૂર છેજ.

ગુરૂનો અર્થ એવો થાયછે કે, જેમ આપણે અંતરની પેટી ઉગાડીએ; ને ખુશબોદાર વાસ નીકળે ને આપણે આનંદ થઇએ, તેમ ગુરૂના મુખમાંથી નીકલતાં વચનો પણ આપણને આનંદ આપી પ્રભુના રસ્તામાં લઇ જઇ આનંદ આપે છે; અરે સતસંગનો મહીમા જુવો તો ખરા. પણ ભાઇઓ જ્યાં લગી આપણે આપણું પુરૂષારથ કરતા નથી ત્યાં લગી કંઇ ખબર પડતી નથી, ઘણાક ભાઇઓ પોતાના નસીબની વાત સમજી

બેસી રહે એ ઘણી મોટી ભુલ છે; પણ પ્રભુ કહે છે કે તમોને હાથ પગ આપ્યા છતાં બેસી રહો ને સારા રસ્તા નહી સોધો તેમા નસીબનો વાંક છેજ નથી. તેનો એક દાખલો.

અરે ભાઇઓ આગ લાગી હોય તે આપણે નજરે જોઇએ,ને તેના ઉપર પાણી નહી રેડીએ ને બેઠા બેઠા કહીએ જે નસીબમાં હસે તો આગ બુજાસે; પણ ત્યાં આગલ નસીબ શું કહે છે કે તને સર્વે સાધન આપ્યા છતાં તું બેસી મારા ભરોસે રહે છે તો જરૂર બધુ બળી ખાખ થસે, તેમજ આ મનુષ્ય દેહને ઇશ્વરે સર્વે સાધન આપ્યા છતાં બેસી રહે તે જરૂર પાછળથી પસતાશે.

બચ્ચાંને આપવાની કેલવણીની જરૂર.

હવે ભાઇઓ આપણે બચ્ચાની કેળવણી ખાતાં તરફ જો શું તો આપણી કોમ ગણીજ પછવાડી છે, આગળ જતાં બચ્ચાનાં સુધારાના રસ્તા નહીં લેતા તેમને એકજ જગાપર રાખી તેમની જીંદગી પુરી કરાવો છો; તેનો એક દાખલો, ગામથી દસથી પંદર વરસનો છોકરો મુંબઇ શેહેરમાં આવવા તૈયાર થસે તો માબાપ તેને શું બોધ આપસે જે ભાઇ કોઇ શેઠીઆને ત્યાં ધરમાંની નોકરી ચાર પાંચ રૂપીઆની મળે તો રહી જજે. હવે જુવો ભાઇઓ હાલમાં જે પાંચ રૂપીઆની આવકપર માબાપ મોહીત થઇ ખુસી થાય એ ગણુંજ દીલગીરી ભરેલું છે,

પણુ ખરૂ જોતાં તો તેજ છોકરાને કોઇ બીજા હુનર સીખવવાના કામપર મુકસો તો તે આગળ જતાં ઘણી સારી આવક પેદા કરસે માટે મારા પ્યારા બંધુઓ એવી નજીવી આવક પર નહીં ખુશી થતાં આગળ જતાં તેજ છોકરાની જીંદગી સારી આવક પેદા કરે એવો ધંધો સીખવસો.

પેહેલું સાધન તો છોકરાને બનતા ઉપાય લઇ ભણાવવો. પછી કોઇ પણ હુનરમાં દાખલ કરવો તેમજ સારાં માણસના સમાગમમાં મોકલવા ઉપાય લેવા તો તેથી તમારૂં બાળક આગળ જતાં સારા સુધારાપર આવસે, જો એમ નહીં કરસો તો તેજ બાળક વખત જતાં માબાપ ઉપરજ ખરાબ

શબ્દ બોલી લાકડી ઉઠાવવા તૈયાર થસે; તે વખતે તમો કેહેસો કે, હમારો છોકરો તો ઘણો ખરાબ નીકળ્યો. પણ આ ગ્રંથનાં કરતા કહે છે કે છોકરો ખરાબ નહીં પણ માબાપજ ખરાબ છે, તેનું કારણ તમે એને નાનપણામાં સારા સાધન નહીં શીખવ્યાં તેના ફળ તમોને મલે. એમાં કોઇનો દોસ છેજ નથી. માબાપનોજ દોસ; બીજુ સાધન મા બાપને દુખી થવાનું માબાપ પોતાને હાથેજ છોકરાને સોધી આપે છે, તે કયું તો નાન પણામાં માબાપ ગુરૂ કરાવે છે તે ગુરૂ તે કોણ તમોને ખબર છે? હા. પેલાં લાડકાંને સદાનાં સનેહી વહુજી; તે માબાપે નહીં કેલ-વણી આપેલા છોકરાને કેલવણી આપી

માબાપને ઘરમાંથી જુદાં કડાવનાર વહુજી; હવે આ ઠેકાણે છોકરાનાં માબાપ કહે છે કે વહુ ઘણી ખરાબ મલી તેથી હમોને જુદાં કડાવીઆં પણ લખનાર કહે છે કે, વહુ નહીં ખરાબ પણ ખરાબજ માબાપ તેનું કારણ કેમ નહી છોકરાને સારી કેલવણી અપાવવા મેહેનત કીધી; જુઓ માબાપે જો છોકરાને અગાઉથી જે સારી સીખામણ આપી હોત તો તે છોકરો વહુનું નહીં સાંભળતાં માબાપની ફરજ પેહેલી બજાવતે માટે છોકરાને કેળવણી નહી આપવાથી દોસીત માબાપ ઠરે.

દોહોરો.

હવે વહુ લાગે ગણી વાલી
માબાપને કહે જાવ ચાલી.

જાણુ વહુની સગાઇ સાચી,
માબાપની સગાઇ કાચી.
માબાપની મોટી ભુલ,
નહીં દેખાડીઉ કેલવણી મુલ.

કોઇ પૈસા મેલવવામાં માન ગણે, કોઇ આબરૂ મેલવવામાં માન ગણે, કોઇ પટેલાઇમાં માન ગણે, કોઇ બાળબચ્ચામાં માન ગણે, પણ આ લખનાર તમારી કોળી કોમનો સદાનો સેવક તો ઉપરના સઘળાં માન કરતાં ખરૂ માન તો કોમના સુધારા લેવામાંજ ગણે છે; માટે મારા ભાઇઓ સુધારાના રસ્તા લઇ સારે રસતે વધવા તમો તથા તમારાં બાળબચ્ચાંને ઉતેજન આપો આપણી કોમમાં ગણા વરસથી જડ મુળ ગાલી બેઠલા નબરા રસ્તાને દીનપર દીન કાઢવા

મેહેનત લેસો; એવી આ સેવકની વીનંતી છે. અરે ભાઇઓ આપણને ઇશ્વરે સર્વે પ્રકારનું સુખ આપ્યું છે. ઘરબાર, ખેતીવાડી બાળબચ્ચાં સગાં સંબંધી એ બધુ આપણી આ બે આંખ મીચાઇ ગઇ કે બસ પછી એમાંનું કંઇ કામ નહી આવસે; તેથી અનેક પ્રકારના અભીમાન રાખો છે તે ખોટાં છે ને એક દીવસ જવાનું તે સાચું છે, માટે જતાં પેહેલાં સારાં કામ તેમજ પુન્યદાન વીગેરે થાય તેટલું કરી લેવો.

નઠારા સંગમાંથી સુધરવાનો દાખલો-
હંસ અને કાગડાની વાત.

એક સમયે એક પરવતનાં શીખર ઉપર એક કાગડાનું ટોળું રહેતું હતું કે

જેનો સ્વભાવ વીષ્ટા ખાવાનો તેમજ અપ-
વીત્ર વસ્તું ઉપર ભમવાનો અને કા. કા.
કરી આખા પરવતને ગજાવી મુકવાનો હતો,
અકસ્માત ત્યાં એક હંસ આવી ચડયો તે
પોતે આવી અપવીત્ર વસ્તુપર ભમતો નહી
હતો, એમ જાણી બધા કાગડાઓ તેમને
પુછવા લાગયા; કે હંસ ભાઇ નરકના જેવી
સ્વાદીષ્ટ વસ્તુ દુનીઆમાં બીજી કઈ છે? આ
ઉપરથી હંસ સમજી ગયો કે આ કાગડા-
ઓને કેવળ વીષ્ટા ખાધાનુંજ જ્ઞાન છે ને
સારા સારનો વીવેક બીલકુલ નથી, માટે આ
લોકને કેવી રીતે સમજાવવા; પરંતુ કાગડા-
ઓએ બહુ આજીજી કરી જેથી હંસે કહયું
ભાઇ, તમારા માંથી એક ગુણીયલને મારી

સાથે મોકલો તો હું અપવીત્ર વસ્તુ ઉપર ભમતો નથી તેનું કારણ સમજાવીશ; તે કાગડાઓએ પોતામાંથી જે હુશીયાર હતો તેને મોકલાવ્યો હવે હંસને કાગડો બેઉ ઉડતા ઉડતા માનસરોવરને કાંઠે ગયા, જ્યાં ઘણાં હંસ રેહેતા હતા ત્યાં આવી ચઢયા, ત્યાં કાગડાએ જોયું કે આ બધા હંસો મોતીને ચારો ચરે છે ને આ જગયાએ વીષ્ટા કે અપવીત્ર વસ્તુનું નામ નથી તો મારે હવે કેમ કરવું ખાધા વગર મારા પ્રાણ જશે માટે લાવ થોડા મોતી ખાઇ તેનો સ્વાદ તો જોઈ લઉં, શરૂઆતમાં તો ખાયને થુંકી નાખે પણ પછી ભુખે ન રહેવાયું ને ત્યાં નરક તો મળે નહીં જેથી ના છુટકે મોતી ખાવાં શરૂ કરયાં

એમ કરતાં ઘણા દીવસ થઈ ગયા એટલે વીષ્ટા ખાવાનું ભાન ભુલી ગયો વળી ત્યાં આગળ બીજા હંસોને ગમત કરતાં ને મોતીનો ચારો ચરતાં જોયા એટલે પોતે તેવો થવા લાગયો ને તેને માલમ પડયું કે આ સરોવર બહુ પવીત્ર છે માંહે ચીત્ર વીચીત્ર રંગોના કમળો સફેત દુધના થકી પાણી ઉપર ખીલી રહેલાં છે, જગયા બહુ શાંત છે ને આથી વીષેશ સુખ આપવાવાળી જગા દુનીઆમાં કોઇ છેજ નથી. હું હૈયા ફુટયો કે મને આટલા દીવસ આમાનું કાંઇ જ્ઞાન ન હોતું. કાગડો જયાં આવો વીચાર કરે છે ત્યાં હંસ આવી ચઢયો ને કેહેવા લાગયો કે કેમ ભાઇ હવે તમારી અસલની પરવતવાળી

જગયા ઉપર જવું છેકે કેમ ? કાગડો કહે છે નારે ભાઈ એની વાતજ તમો મુકી દેવો. હવે તો હું તમારી સાથેજ રહીશ. હંસે કહયું ભાઇ તું તારા બધા ભાઇઓને મલી આવી મારી પાસે આવ આથી કાગડો માનસરો-વર છોડી પોતાની અસલ જગયાએ ગયો. ને કહયું કે તમે બધાં કંઇ સમજતાં નથી તેથી વીષ્ટા ખાઓ છો. એ તમારી મોટી ભુલ છે, હવે આ એક વખત હું તમને હંસ ના વચનનાં ખાતર મળવા આવીયો છું તે મળીને જાંઉ છું, આથી બધા કાગડાઓએ જાણ્યું કે આ તો હંસ સાથે રેહેવાથી બહુ ડાહયો થઇ ગયો લાગે છે, જેથી બધાએ તેની પછવાડે દોડવા માંડયું ને સગળાઓએ

માનસરોવરમાં જઇ હુંસની માફક વરતવા માંડયું. ને હુંસો થયાઃ—

આ એક દ્રષ્ટાંત છે, ને એનું સીદ્ધાંત એ છેકે આપણે કાગડા રૂપી જીવો છે. આપણો સ્વભાવ દુનીઆદારીનાં વેહેવારમાં અભીમાની ટોચ ઉપર બેસી વીષયરૂપી વીષ્ટા ખાવાનો એટલે કે શબ્દ સ્પરસ રૂપ રસગંધ વીષયોમાં લલચાવવાનો જેમ શબ્દથી હરણ સ્પરશથી, હાથી, રૂપથી, પતંગીઉં, રસથી માછલું, ગંધથી, ભમરો, ફસાઇ છે; તેમ ફસાવવાનો, અપવીત્ર વસ્તુ ઉપર ભમવાનો એટલે કે, રાત દહાડો ચોરી, ચુગલી, હીંસા, અદેખાઇ, નીંદા, કેફ, જુગાર, પૈસાનો હદથી વધારે લોભ સ્ત્રીઓની લાલચ, સારૂં

સારૂં ખાવાનો ભાવ આદી વસ્તુઓ કે જે-
માંથી મનને જતું અટકાવવું જોઇએ. તેને
બદલે તેની ઉપરજ ભમવાનો ને કા. કા. કા.
કરી એટલે કે દુનીઆદારીની નકામી નકામી
વાતો જેમ કાગડા ઉચ્ચારે છે, તેમ કરી
આપણું જીવન વ્રથા ગાળવાનો છે. હવે
આપણા કાગડા રૂપી જીવોના સમુહમાં કોઇ
એક વખત હંસરૂપી માહાતમાં સંત આવી
ચડયા કે જેમને વીષ્ટા રૂપી વીષયના વીકારો
બાધ કરતા ન હોતા આથી કાગડા રૂપી
જીવો હંસરૂપી માહાત્માને કેહેવા લાગયા કે
દુનીઆમાં વીષય સુખનાં જેવું બીજું સારૂ
સુખ હશે કે આથી હંસ માહાતમાં સમજી
ગયા કે આ કાગડા રૂપી જીવોને કેવળ

વીષયરૂપી વીષ્ટ ખાવાનો જ્ઞાન છે. સાચો વસ્તુ કઈ ને ખોટી વસ્તુ કઇ તેનું આ લોકને ભાન નથી માટે આ ઉપદેશને લાયક નથી પરંતુ કાગડારૂપી જીવો એ બહુ પ્રાર્થના કરવાથી તે હંસ માહાતમાજીને દય આવવાથી કહયું કે તમારામાંથી એક જો લાયક હોય તેને મારી સાથે મોકલો એ મારી જોડે રહી બધું ત્યાગ કરી સતસંગ કરે તો હંસરૂપી માહતમા; વીષ્ટારૂપી વીષયોમાં કેમ લલચાતા નથી તેનું કારણ, સમજ પડે. આથી એક જીવ જે સુપાત્ર હતો તે હંસ માહાતમાની સાથે ગયો ને બંને માનસરોવર એટલે કે પવીત્ર સ્થાનકે જયાં ગણા માહતમારૂપી હંસો રેહેતા હતા ત્યાં આવી

પોંચા. હવે કાગ રૂપી જીવને માલમ પડયું કે માનસરોવરમાં સંતના સમુહમાં વીષ્ટા રૂપી વીષયોના પદારથ દેખાતા નથી ને પોતે હમેસાં તેમ કરેલું હોવાથી કેમ ચાલસે, તેનો વીચાર થયો જેથી સદગુરૂનાં વચના મરૂત રૂપી મોતી ખાવા સરૂ કર્યાં પણ પોતાને પેહલાં તો રૂચયાં નહી. કારણ રાત દીવસ વીષય વાસનાની સોબત થયેલી હતી. પણ ના છુટકે તે સદગુરૂનાં વચન સાંભળવા લાગયો. ને એક કરતાં ઘણો વખત વીત્યા બાદ વીષય રૂપી વીષ્ટા ખાવાનું ભાન ભુલી ગયો એટલે કે મુકત થયો વળી ત્યાં બીજા હંસો એટલે માહાતમાઓનો સંગ હતો કે જેઓને ભાગવદ ચરચા ગીતા. વેદ. ઉપની

શબ્દ આદી સાસ્ત્રોનું પઠન પાઠન કરવા રૂપી મોતી ખાવાની સદા ટેવ હતી જેથી આ બધું જોઇને કાગડા રૂપી જીવ સુધારીયો. ને માહાતમાના જેવા ગુણ લાવતાં સીખીયો. પછી તેને માલુમ પડયું કે આ સંતના સમુહ રૂપી પવીત્ર. માન સરોવર છે. તેમાં સત સંગ રૂપી દુધ જેવા પાણી ઉપરજ દાન. દયા. ક્ષમા. તીતીક્ષા પ્રભુ ભજવામાં પ્રીતી વીવેક. વૈરાગ સમાધી આદી સાધન સંત રૂપી જુદા જુદા રંગના કમળો ખીલેલાં છે. ને આ સંતના સમુહ રૂપી માનસરોવરમાંથીજ. પરમ સાંન્તી તથા આત્માના સાક્ષાતકારનું સુખ થયેલું હોવાથી તે કાગડા રૂપી જીવને હવે ખબર પડી કે આના જેવું સુખ દુની-

આમાં બીજે કયાય નથી. પછી જીવ વીચાર કરવા લાગયો કે આટલા દીવસ હું જ્ઞાન વગર આંધળો રહયોને હવે મારી ભુલ સુધરી એટલામાં હંસ માહાતમાં કાગડા રૂપી જીવજે હાલમાં મુકત થયોછે. તેને પુછવા લાગયા કે ભાઇ હવે દુનીઆ દારીના વીષ્ટા વત સુખો ભોગવવાં તારે તારી અસલની જગયાએ જવું છે. તીયારે જીવે કહયું કે આટલા દીવસ હું અજાણ હતો પણ હવે મને જ્ઞાન થયુંછે. ને સમજું છું કે માહાતમાઓનો સમુહ અને સતસંગ એતો અભાગ્યો હોય તેજ છોડે છે. પછી હંસ માહાતમાના કેવાથી પોતે પોતાની અસલની જગયાએ ગયો. ને બધા જીવોને સમજાવ્યું. કે વીષયરૂપી વીષ્ટા ખોલી એ

જીવની મોટી ભુલછે. એમ સીખામણ દઇ આવતો રહયો પછી તેની છપવાડે તેના બોધથી. બધા જીવો માહાતમાઓના સમુહમાં રહી સત સંગ દુવારા તેના જેવા થઇ ગયા માટે હે ભાઇઓ આમાથી આપણે સીખવાનું છે. કે માહાતમા ઓના સમુહમાં રેહેવાથી સતસંગ દુવારા આપણે જનમ મરણનો ફેરો ટળી આપણા ખરા સ્વરૂપમાં એટલે કે આતમ જ્ઞાનમાં ઠરી બેસસુ ને આતમાનંદમાં નીમગન થઈસું. ને આવું થવાને દરેકે ઇચ્છા કરવી એ પોતાની ફરજ છે. માટે ભાઇઓ કોઇ સારા માણસની સંગત કરવી એજ આ માણસ જાતીનો ધર્મછે. કારણકે આપણ કયાં સુધી જીવસું તેની કોઇને ખબર નથી માટે ચેતી ચાલવું. ને સારાં કર્મ કરવાં:—

દોહારો.

કાલ કરેતો આજ કર આજ કરેતો અબ:
અવસર વીતીઓ જાત હે ફીર કરોગે કબ;
એક ગડી આધી ગડી; આધીમેં પુન આધ;
કરીએ સંગત સાધકી; કટે કોટી અપરાધ;

જીવ હીંસા પર બોધ.

ભાઇઓ જીવ હીંસા કરવામાં આપની કોમ કેટલી બધી ઉલટ ધરાવેછે; અરે હું કેહેવાને ઘણો દલગીર છું. જે ગરીબમાં ગરીબ બીચારી બકરી; કે જેને નથી કરડતા આવડતું કે નથી લાત મારતાં આવડતું તેવાં એક નીરદોષ જનાવર પરજ તમારી હીમત; પણ બકરીની જગાપર વાઘની હીંસા કરો તો, ગણાવો કે ગણી બાહદુરી કીધી. પણ તેનાથી તો લાંબા રેહેસો ને ગરીબ બીચારી બકરી પર દોડસો એ ઘણુંજ પસ્તાવાલાયક

છે, એતો તમે પોતાને હાથે પોતાનોજ નાસ કરો છે. કારણ કે બકરીના દુધ, દહીં, ઘી, એથી કેટલો લાભ થાય છે; ભાઇઓ તમારે ત્યાં લગન કાર્ય વીગેરે સુભ વખતેજ જીવ હીસાં લગન વખતે બ્રાહ્મણ આવી હોમ વીગેરે સુભ ક્રીયા કરાવે તે શું કામ કે તમારા પાપ નાસ કરવા ને સારૂ; અરે એક બાજુ પાપનો નાસ ને બીજે દીવસે જીવ હીંસા કરી પાપનો ગરમાં વાસ એ કેવી દીલગીરીની વાત માટે ભાઇઓ એવા ખોટે રસ્તે નહીં જતાં આપણી કોમ માથી એ રસ્તા નાબુદ થવાના ઉપાયો લેસો. તો તમારૂ તથા તમારાં બાળ બચ્ચાંનું કલ્યાણ થસે; કોઇ શાત્રમાં ઈશ્વરે જીવ હીંસાનું સાધન દેખાડેલું છેજ નથી માટે ભાઇઓ ખરા પીતાના રસ્તા છોડી ખોટે રસ્તે જસોતો જરૂર

દુખ ખમવું પડસે. અરે ભાઇઓ આપણે જે માબાપને પેટ અવતાર લીધાને તેનું કહયું નહીં કરીએ તો એ માબાપ કેટલાં બધાં આપણી પર ગુસ્સો કરે તો સું આપણો આઃ દુનીઆનો પેદા કરનાર જે ખરો પીતા સું નહીં સીક્ષા કરે. જરૂર કરસેજ, તે વખતે જરૂર તમોને પસતાવો થસે.

દોહારો.

ગરીબ બીચારૂ ગેટું એનું શું પકડો રેટું
હુ ગરીબ બકરીનું બેટું; પ્રભુને જઇ ભેટું
હુ કહું પ્રભુને સીરનામી; માણસ જાત હરામી;
હમોને નાખે મારી;પ્રભુ આપો એને દુખ ભારી;

લગન બોધ.

વગર વીચારે થતા લગનનું પાછળ માઠું પરીણામ; અરે ભાઇઓ વીવાહ સંબંધ જોડતી વખત આપણી કોમ એક બીજામાં

કેવી ભુલ વાપરે છે; તે દાખલો વાચનાર સન-
મુખ રજુ કરૂં છે, જુવો કે છોકરા છોકરીના
લગન કરતી વખત અંદર ખાનેથી જે સારા
પાયા તપાસવા છોડી દઇ. વાંકડાની આવક
તરફ વધારે ધીયાન આપસે; જો કોઈ વાંકડો
એક બીજાથી વધારે આપવા તૈયાર થયો તો
પછી. જેવું હોય તેવું પણ કબુલ કરસે; પણ
એ ગણી દલગીરની વાત છે જે માબાપ થોડી
આવક પર મોહીત થઇ સદાને વાસ્તે છોકરાને
બોજો બાંધી આપે; તથા જાત કજાત જોયા
વગર જોડાઇ જાવું એ મોટી ભુલ છે; નહીં તો
છોકરાનું કુળ તપાસે નહીં તો છોકરીનું કુળ
તપાસે અને વગર વીચારાનું કામ નકી કરી
બેસે; હવે આગલ ચાલતાં. બીજી રીત તપા-
સીએ તો. વાંકડાની પણ આવકની પણ

દરકાર નહીં રાખતાં. દારૂ તાડીની સરમ વધારે રાખસે; કારણ કે એક. બીજા મલી પીવું ને પછી લગનની વાત કાડવી. હવે ત્યાં સું બનસેકે સાથે બેસી ખાધું પીધું એટલે સરમમાં પડી ના કેહેવાસે નહીં. માટે મારા ભાઇઓ એમ ન કરતાં સારાં નબરાંનો વીચાર કરી પછી આગળ પગલાં ભરો તોજ તમારાં છોકરાંનો આગલ જતા સુભ અવસર આવસે; નહીંતો એજ છોકરાં મોટપણામાં માબાપને ધીકારસે; જે હુમારા માબાપે હુમોને જાણી જોઈ ખાડામાં નાંખ્યાં; તેમાં છોકરાંએ જોડેલુ ગાયનઃ—

દારૂની રાખે સરમ; છોકરાંનાં બગડે કરમ;
છોકરાં તો કહે સાચું; નહીં કરો ઉચું ડાચુ,
છોડી દજો તમે તાડી; અમારી બગડે વાડી;

ઉપરની વાત દેવ છોડી; પછી સોધો હુમારી જોડી.
કહુ છું તમને સાચું; બે હાથે તમને જાચું;

દારૂપર વીવેચન:

ભાઇઓ આ સસારમાં જન્મ ધરી આપણે સારાં કર્મ કરવાં તે છોડી ઉલટાં કામ કરવામા કેટલા બધા વધી ગયા છીયે તે સર્વે ભાઇઓ સનમુખ રજુ કરૂં છું. ભાઇઓ મદીરાપાન એટલે દારૂના સંગમાં જવાથી આપણું અથવા આપણાં બાળ બચ્ચાંનું કેટલું નુકસાન થાય; માટે ભાઇઓ દારૂ એજ આપણી કાળી કોમનું નાશવંત મુળીઉ છે. એનાથી અનેક લક્ષણ લાગુ પડેછે. મારા મારી, જુગાર, લુચાઇ, ચોરી, જારી વીગેરે બીજાં અનેક સાધનો લાગુ પડેછે; માટે મારા પ્યારા બંધુઓ તમારૂ અથવા તમારાં

બાળબચ્ચાંનું સુખ ઇચ્છવા ચહાતા હોય તો એનો સંગ તજો ને સારો સંગ પકડો.

પદ.

સ્વારથનો સંસાર, સમજ મન સ્વારથનો સં૦
ભાઇ બંધુ સહુકુટુંબકબીલા, કોઇનવસાથેઆવે
માતા રોવે બારેમાસો, બેની રોવે સન તેહુવાર;
ઘરકી ત્રીયા તેર દીન રોવે, ફીર શોધે ઘરબાર;
તે માટે તમે પ્રભુ ભજીલ્યો, જાશો સ્વરગમોઝાર;
પ્રણામ કરી કર્તા કહે, સમજો ચતુરશું જાણ સં૦

દોહેરો.

સસારમાં સુધરવાં; તજો દારૂનો સંગ,
સંગા સંબંધી મીત્રમાં પાડે તેતો ભંગ;
પાડે તે તો ભંગ, એનો જુદો ચડેછે રંગ,
સંસારમાં સર્વે કહે, બળીયા તારા ઢંગ;
કર્તા કહે બાલુભાઇ, છોડો એનો સંગ;

ભાઇઓ જેટલો દારૂ તાડીમાં પૈસો ખરચો છે તેટલોજ પૈસો જો દુધ દહીવાલા

ખોરાકમાં વાપરસો તો કેટલો બધો લાભ કારક થઇ પડસે; અરે મારા પીયારા બંધુઓ દારૂ તમને કેટલી બધી ચેતવણી આપે તે છતાં તમો નથી ચેતતા તે તમારી અગાડી રજુ કરૂં છું તેની પરીક્ષા હમોએ જાતે કરેલી છે; દારૂ પીધા પછી તરત તમોને થુકાવશે, તે તમોને ચેતવણી આપે છે કે, મારા સંગમાં તમોને શું ફાયદો થવાનો છે; માટે થુથુ તમોને, એવી રીતે ધીકાર માટે ચેતોરે ભાઇ ચેતો જેનો સંગ કરીએ ને તે આપણાપરજ થુકે તીયારે તેનો સંગ છોડવા એજ મારી ભલામણ છે. માટે તમો તથા તમારા બાળ-બચ્ચાંને એ લાઇનમાં નહીં જવા દેતા; સારી કેલવણી તથા સારાં સારાં સત શાસ્ત્રનો સમાગમ કરવાની હમો સેવકની વીનંતી છે.

દેહાઅભીમાન ન રાખવા વીશે દાખલો.

હવે ભાઇઓ જાતી અભીમાન ધરાવી મોટા મોટા થઇ ફરવું કે હું મોટો મારૂ કુળ મોટું તથા હું નીયાતમાં પટેલ છું, તથા હું મારામારીમાં જબરો છું, એવી રીતનાં જે અભીમાન ધરાવી મોટા થવું એ તો આગલ જતાં સર્વેથી નકામા થવાનો વખત છે; એનો એક દાખલો એક વડના જાડ સાથે કોળાનાં વેલાનો થઇલો વાદ વીવાદ કોળાનો વેલો વડને કેવા લાગયો કે અરે ભાઇ વડ તું તો દેખાવામાં ગણો મોટો પણ તારાં ફળ ગણાં નાંનાં ને હું તો એક વેલા રૂપે છે પણ મારા ફળ કેવડાં મોટા ને મને મારા વેલાનો રોપનાર ધણી કેટલી બધી મેહેનતથી પોતાના ઘરપર ચડાવે; માટે મારાં ફળ મોટા

તેથી મને ઘણું માન ઘટે છે; તે વખતે વડ
કહેવા લાગયો કે અરે ભાઇ ઈશ્વરે તને મોટો
બનાવ્યો તેનું તું શું અભીમાન કરે પણ
અભીમાન કરી છેવટ સુધી કોઇ સુખી થાયે
નથી ને તું પણ જોજે કે જ્યારે જેઠ મહીનો
આવસે કે તને રોપનારજ ધણી ઘેર ઉખે-
ડતી વખતે તને થંડમાંથી કાપી કાડસે;
અને મારાં જે નાનાં ફળ છે તે સદાને સારૂ
તેનું કારણ જે મારો વડની છાયા તળે,
હજારો માણસ, જાનવર વીગેરે આવી આ-
સરો લેઇ તેના થકી ઇશ્વરે વીચારીને મારાં
નાના ફળ બનાવ્યાં જે કોઇને નુકસાન નહી
કરે કારણ કે વડનો છાયો જોઇ ઘણા જીવો
તેની હેઠળ આસરો લેવા જાય, તેથી ઇશ્વરે
ફળ નાનું બનાવ્યું જે કોઇના પર પડવાથી

નુકસાન નહી થાય; માટે મારા ભાઇઓ મોટા થયા તો વડના જાડ જેવા થાવો કે કોઇ આસરો લઇ આસીરવાદ આપે; પણ કોળાં ના વેલ' સરખા નહીં થઇ જાઓ. નહીં તો અધવચમાં કપાઇ જસો ભાઇઓ માણ-સનો જસ તો જીભમાં રહેલો છે, કારણ કે જીભ કેવી છે. નબરૂ બોલી મોંહામાં બેસી રેહે છે ને માર શરીરના ભાગને ખવડાવે છે.

દોહારો.

જીભ બડી લટ બાવરી; બોલે આકાશ પાતાળ;
આપ બીચારી નીચારી રહે; જુતીઆં ખાય કપાળ
ઉચા જાડ ખજુરકા જબ દેખો તબ દુર;
પંથીકુ છાયાં નહીં ફળ લાગે ભરપુર:
આગે તો મેં કાગથા; કરતા જીવન ગા
અબતો મેં હંસા ભયા; મોતી ચુન ચુન '

દોહોરા.

જોવું ચાહે જગત જશ, ગુણ ૧૦જીઓ તું ચાર;
સુરા પાન ચોરી જુવા, ઓર પરાઇ નાર;
મન મતંગ માને નહીં, જબ લગ ધકાન ખાય;
જેસી વીધવા સ્ત્રી; ગર્ભ રહે પસતાય.

બની બહાર બની બજ એની.

મારી જાત છે કોળી, દારૂએ નાંખ્યો રોળી
હવે એની સંગત છોડી, સોધું છું ધર્મ ટોળી;
નહીંજતાદારૂનાંસંગમાં,આવોહમા રામંડળમાં
ભજીએ રામ નામ, કરીએ સારાં કામ
કર્તા છે. બાલુ ભાઇ, પાછળથી પસતાઇ
આ કાળ જપાટો મોટો, પકડસે આવી ટોટો
બધો ખેલ થાસે ખોટો, નહીં રહે નાનો મોટો
જાવું છે એકા એક, રાખ જો એક ટેક
રામ નું નામ સાચું, સર્વે તો જાણો કાચું;
ગાં નહી આવે સાથ, જોડી કહુ તમને હાથ;
તો લહુ સારૂ, ભુલ હોયતો કરજો માફ;

જુલેશ્વર પ્રીંટીંગ પ્રેસ.